P G V C L

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/ક્વા-૦૧/૨૦૨૩-૨૪/ ૨૨૦૫-૪ તારીખ : ૩૦ - ૦૬ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી દેવશીભાઈ બચુભાઈ રાણપરીયા
પ્લોટ નં. ૧૮, શેડ - ૧, ૩ - રાણી ઇન્ડ. એસ્ટેટ, મધુવન ઇન્ડસ્ટ્રીઝની પાછળ, પરીના ફર્નિચર પાછળ, ગોંડલ રોડ,
મું. પો. : વાવડી, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૭
મોબાઈલ : ૯૯૭૯૫૮૪૧૮૦

વિષય : નામ બદલી અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૩૦-૦૫-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૬/ક્વા-૦૧/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી.. રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો. જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૬/ક્વા-૧/૨૩-૨૪/ 2205-4** તા. 30-06-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૬/ક્વા-૧/૨૩-૨૪ તા.૩૧-૦૫-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : શ્રી દેવશીભાઈ બચુભાઈ રાણપરીયા, ગામ: વાવડી |
| રજૂઆત કરનાર | : અરજદારશ્રી દેવશીભાઈ બચુભાઈ રાણપરીયા સાથે સંજયભાઈ ગોવીદભાઈ ભૂવા |

**:: વિરુધ્ધ ::**

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૩. |
| રજૂઆત કરનાર | : એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ અને તેમની સાથે વી.એમ.વસંત વાવડી રોડ પેટાવિભાગીય કચેરી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

**:: કોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી આર.સી.પટેલ |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૩૦.૦૫.૨૦૨૩ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૩૦.૦૫.૨૦૨૩ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી દેવશીભાઈ બચુભાઈ રાણપરીયા વાવડી પેટાવિભાગીય કચેરી ખાતે ગ્રાહક નં.૩૪૫૧૪/૦૨૫૪૭/૦ થી ૧૫ કીવોનું એલ.ટી.એમ.ડી.વીજજોડાણ ધરાવે છે. અરજદારે રાણી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ નં.૦૩ શેડ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી જગ્યા લીધેલ છે જેમાં પેટાવિભાગીય કચેરી દ્વારા નામબદલી ન કરી આપતા હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

**:: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::**

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદાર ગ્રાહક નં ૩૪૫૧૪/૦૨૫૪૭/૦ થી ઔદ્યોગિક વીજજોડાણ ૧૫ કીવો કંચનબેન કેતનભાઈ વિરડીયા નાં નામે ધરાવે છે. સદર વીજબીલમાં સરનામું પ્લોટ નં -૧૮, શેડ -૧, ૩-રાણી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, મધુવન ઇન્ડસ્ટ્રીઝ પાછળ ગોંડલ રોડ, રાજકોટ નોંધાયેલ છે. અરજદાર દ્વારા સદર વીજજોડાણમાં નામબદલી માટે તા.૦૧-૦૨-૨૦૨૩ ના રોજ પીજીવીસીએલની વાવડી રોડ પેટાવિભાગીય કચેરીમાં આપેલ છે.

3.૧ ઉપરોક્ત અરજીમાં જોડેલ આધાર પુરાવા મુજબ વેચાણ દસ્તાવેજ માં શેડ નં-૬ નોંધાયેલ છે, જ્યારે અરજદારના વીજજોડાણની કેસ ફાઈલમાં શેડ –નં ૧ છે, જેની અરજદારને રૂબરૂમાં તેમજ તા.૧૯-૦૪-૨૩ ના રોજ લેખિત આઉટવર્ડ નં-૩૬૩૪ થી જાણ કરેલ છે, સદર વીજજોડાણ તા.૨૬-૧૦-૧૧ ના રોજ એ-૧ ફોર્મ એપ્રુવ્ડ પ્લાન મુજબ વાવડીના રે. સર્વે નં- ૧૭ ના પ્લોટ નં -૧૮ ના શેડમાં હરેશભાઈ બી. વિરડીયાના નામથી અપાયેલ છે, સદર મજુર પ્લાન મુજબ ૩૨૮.૬૩ ચોમી માં ૦૭ શેડ મંજુર થયેલા છે, જેના શેડ નં -૧ માં હાલ વીજજોડાણ ચાલુ છે, આમ અરજદાર દ્વારા રજુ કરેલ વેચાણ દસ્તાવેજ અને અરજદારની કેસ ફાઈલ મુજબ જગ્યાના શેડ નંબર સુસંગત ન હોવાના કારણે નામબદલી માટેની અરજી અન્વયે કાર્યવાહી કરાયેલ નથી.

3.૨ સદર શેડ નં -૧, દસ્તાવેજ નં ૩૮૬૧ થી ૨૮.૦૯.૧૫ માં હરેશભાઈ બી. વિરડીયા એ હિતેશભાઈ પ્રવીણભાઈ પોકીયા અને વિશાલભાઈ પી. પોકિયાને વેચાણ કરેલ છે તેમાં પણ શેડ નં-૬ નો દસ્તાવેજ થયેલ છે જે બાબતે નામ તબદીલ માટે કોઈ અરજી મળેલ નથી ત્યારબાદ આ મિલકત દસ્તાવેજ નં ૫૯૫૩ થી જયશ્રીબેન નીલેશભાઈ રામાણી ના નામે હસ્તાંતર થયેલ છે તેમા પણ શેડ નં ૬ નો ઉલ્લેખ થયેલ છે. તારીખ ૨૫.03.૨૧ ના રોજ જયશ્રીબેન નીલેશભાઈ રામાણી દ્વારા હર્ષદભાઈ ભીમજીભાઈ વિરડીયા ના નામથી પોતાના નામ પર વીજજોડાણ તબદીલ કરવા માટે અરજી આપેલ હતી પરંતુ શેડ નંબર સુસંગત ન હોવાના કારણે ૨૯.૦૫.૨૦૨૧ ના રોજ વિભાગીય કચેરી દ્વારા ફાઈલ પરત મોકલાવેલ જેની જાણ અરજદારને પત્ર તા.03.0૬.૨૦૨૧ થી જાણ કરેલ છે. ત્યારબાદ જયશ્રીબેન નિલેશભાઇ રામાણીએ કંચનબેન કેતનભાઈ વિરડીયા અને રસીલાબેન ભરતભાઈ ગોંડલીયાને વેચાણ કરેલ છે. સદર વીજજોડાણમાં કંચનબેન કેતનભાઈ વિરડીયા દ્વારા વીજભાર વધારો અને નામબદલીની અરજી તા.0૬.૧૦.૨૦૨૧ ના રોજ કરાયેલ અને જે તે સમયે પીજીવીસીએલ પક્ષકાર પાસે સદર અરજદારની કેસ ફાઈલ મિસપ્લેસ હોવાથી સર્ટીફિકેટના આધારે એપ્રુવલ આપેલ હતી, તે સમયે એ-૧ ફોર્મમાં શેડ નંબર દર્શાવેલ નથી અને જોડેલ બીલમાં શેડ નં-૧ નોંધાયેલ છે.

3.3 ત્યારબાદ સદર વીજજોડાણમાં સદર ફરિયાદી અરજદાર શ્રી દેવશીભાઈ બચુભાઈ રાણપરીયા દ્વારા વીજબીલમાં કંચનબેન કેતનભાઈ વિરડીયાના નામેથી તેઓના નામે નામબદલી કરવા માટે વાવડી પેટાવિભાગીય કચેરીમાં અરજી આપેલ ત્યારે મૂળ કેસ ફાઈલ સાથે ચકાસણી કરતા આધાર-પુરાવા મુજબ શેડ નંબર સુસંગત ન હોવાથી પત્ર નં – ૩૬૩૪ તા.૧૯-૦૪-૨૦૨૩ થી અરજદારને અરજી સાથે સુસંગત આધાર-પુરાવા જોડીને રજુ કરવા જણાવેલ હતું.

::હુકમ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરિયાદ મુજબ ગ્રાહક નં -૩૪૫૧૪/૦૨૫૪૭/0 થી એલ.ટી.એમ.ડી. ટેરીફનું ૧૫ કીવોનું વીજજોડાણ કંચનબેન કેતનભાઈ વિરડીયાના નામે ધરાવે છે. સદર જગ્યા અરજદાર દ્વારા વેચાણ દસ્તાવેજ નં -૫૯૬૩ તા.૨૧.૦૯.૨૦૨૨ થી અરજદારશ્રી દેવશીભાઈ બચુભાઈ રાણપરીયા દ્વારા ખરીદ કરેલ છે, જે અંતર્ગત અરજદાર દ્વારા સદર વીજજોડાણમાં નામબદલીની અરજી તા.૦૧.૦૨.૨૦૨૩ ના રોજ કરેલ જે અનુસંધાને પીજીવીસીએલના લેખિત પત્ર નં – ૩૬૩૪ તા.૧૯-૦૪-૨૦૨૩ થી અરજદારને જાણ કરેલ છે તે મુજબ સદર વીજજોડાણમાં રજુ કરેલ દસ્તાવેજ સાથે સદર અરજી સાથે રજુ કરેલ જગ્યાના આધાર-પુરાવા સુસંગત નથી, જેથી દિવસ-03 માં જરૂરી જગ્યાના આધાર-પુરાવા રજુ કરવા અન્યથા અરજી દફતરે કરવામાં

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

આવશે, જે અનુસંધાને અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ તા.૩૦-૦૫-૨૦૨૩ ના રોજ ફરિયાદ નોંધાવેલ છે, જેની નોંધણી તા.૩૧-૦૫-૨૦૨૩ ના રોજ કેસ ફાઈલ નં - ૧૬/કવા-૦૧/૨૦૨૩-૨૪ થી કરેલ છે.

૪.૨ અરજદારની ઉપરોક્ત ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ આધાર-પુરાવાનો અભ્યાસ કરતા નીચે મુજબની બાબતો નોંધાયેલ છે.

(અ) પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ સર્ટીફીકેટ તા.૦૧-૧૦-૨૦૨૧ મુજબ સદર વીજજોડાણ હર્ષદભાઈ બી. વિરડીયા નામે ગ્રાહક નં - ૩૪૫૧૪/૦૨૫૪૭/૦ થી તા.૨૪-૧૨-૨૦૧૦ ના રોજ રીલીઝ થયેલ છે.

(બ) ઉપરોક્ત સર્ટીફીકટના આધારે સદર વીજ જોડાણમાં કંચનબેન કેતનભાઈ વિરડીયા દ્વારા નામબદલી અને વીજભાર વધારાની અરજી તા.૦૬.૧૦.૨૦૨૧ ના રોજ કરેલ, જે તે વખતે પીજીવીસીએલ પક્ષકાર પાસે સદર વીજજોડાણની કેસ ફાઈલ મિસપ્લેસ હોવાથી નામબદલી અને વીજભાર વધારો મંજુર કરેલ હતો.

(ક) સદર ફરીયાદી અરજદાર દ્વારા કંચનબેન કેતનભાઈ વિરડીયાના નામ પરથી દેવશીભાઈ બચુભાઈ રાણપરીયા નામે નામબદલી કરવા તા.૦૧.૦૨.૨૦૨૩ ના રોજ અરજી કરેલ જે અરજીની ચકાસણી સદર વીજજોડાણની મૂળ કેસ ફાઈલ સાથે કરતા સુસંગત ન હોવાથી તા.૧૯-૦૪-૨૦૨૩ થી ફરિયાદી અરજદારને તેની જાણ કરેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| હયાત વીજજોડાણમાં નોંધાયેલ વિગતો | અરજદારની નામબદલીની અરજી મુજબ નોંધાયેલ વિગતો | અવલોકન |
|---|---|---|
| ગ્રાહક નં - ૩૪૫૧૪/૦૨૫૪૭/૦, સરનામું : પ્લોટ નં -૧૮, શેડ -૧, ૩-રાણી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, મધુવન ઇન્ડસ્ટ્રીઝ પાછળ ગોંડલ રોડ, રાજકોટ | ગ્રાહક નં - ૩૪૫૧૪/૦૨૫૪૭/૦ સરનામું : રે. સર્વે નંબર ૧૭પી, પ્લોટ નં-૧૮, રાણી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટનં-૩, મધુવન ઇન્ડસ્ટ્રીઝ પાછળ ગોંડલ રોડ, વાવડી- રાજકોટ | શેડ નંબર અલગ છે. |
| સદર વીજજોડાણની કેસ ફાઈલ મુજબ વાવડીના રે. સર્વે નંબર :૧૭, પ્લોટ નં -૧૮, શેડ -૧ | સદર વીજજોડાણની કેસ ફાઈલ મુજબ વાવડીના રે. સર્વે નંબર : ૧૭પી, પ્લોટ નં -૧૮, શેડ -૬ | સર્વે નંબર અને શેડ નંબર અલગ છે. |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

અરજદારની ફોરમમાં કરાયેલ અરજીના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૧૨.૦૬.૨૦૨૩ ના રોજ અરજદારની હાજરીમાં સ્થળ તપાસ કરેલ તે મુજબ સદર વીજજોડાણની કેસ ફાઈલમાં શેડ નં-૧ નું વીજજોડાણ રીલીઝ કરેલ છે, તેમજ સદર ફરિયાદી અરજદાર દ્વારા રજુ કરેલ જગ્યાના દસ્તાવેજમાં શેડ નં-૬ નોંધાયેલ છે, જેથી જગ્યાને સંલગ્ન આધાર-પુરાવા સુસંગત ન હોવાની વિગતો અરજદારને રૂબરૂ બતાવેલ છે.

૪.3 નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં ૪.૭૧ ના ક્લોઝ નં (૧) નીચે મુજબ નોંધાયેલ છે.

"નીચે વિગતે દર્શાવેલી કાર્યપધ્ધતિ અનુસાર, પરવાનેદાર મિલ્કતની માલિકી/કબ્જા હકમાં ફેરફારને કારણે ગ્રાહકના નામમાં ફેરફારને લગતી અરજીઓ અંગે પગલાં ભરશે

(૧) અરજદાર, આ સંહિતાના જોડાણ-૧ કે ૨ (લાગુ પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટની સાથે છેલ્લું યોગ્ય ચુકવણી થયેલ બિલની નકલ સાથે ગ્રાહકના નામમાં ફેરફાર માટે અરજી કરશે. જ્યાં સુધી સંબંધિત જોડાણ સામેના વસુલપાત્ર તમામ લેણાની પતાવટ કરાય નહીં ત્યાં સુધી જોડાણ તબદીલ કરવાની દરખાસ્ત સ્વીકારશે નહી. જગ્યાની માલિકી/કબ્જાનું પ્રમાણ દર્શાવ્યેથી અરજીપત્રકનો સ્વીકાર કરાશે. અરજદારને નામે

જામીન અનામતની તબદીલી સામેલ હોય તેવા કેસો માટે નોંધાયેલ ગ્રાહક કે જગ્યાના અધિકૃત વ્યક્તિ પાસેથી 'ના-વાંધા પ્રમાણપત્ર' જરૂરી બનશે. અરજદારના નામે જામીન અનામત તબદીલ કરવાના કેસમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના સુધારા અનુસાર ગણેલ જામીન અનામતની ઘટ અરજદારે ચૂકવવાની રહેશે. પરવાનેદાર આ સંહિતાના ખંડો ૪.૬૪ - ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે. .........."

વધુમાં પીજીવીસીએલમાં પ્રવર્તમાનમાં રહેલ વીજજોડાણના નામફેરના નિયમો બાબત પરિપત્ર નં.- જીયુવીએનએલના પરિપત્ર નંબર: જીયુવીએનએલ-ટેક-૨-નામફેર-૨૯૮૬ તા.૧૩.૦૨.૨૦૧૭ મુજબ સ્થળની માલિકી કે કબજો બદલાવવાના કારણે વીજજોડાણનું નામ ફેરફાર કરવા માટે નીચે મુજબની જાણકારી અપાયેલ છે.

૧. છેલ્લા ભરેલા વીજ બીલની નકલ સાથે એ-૧ ફોર્મ.

૨. માંગણી કરનારની ફોટો આઇડીની સ્વયં પ્રમાણિત કરેલ નકલ, જેમાં પાન કાર્ડ/પાસપોર્ટ/ ડ્રાઇવીંગ લાઇસન્સ/ ચુંટણી કાર્ડ/ આધાર કાર્ડમાંથી કોઇ પણ એક

૩. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અથવા ઇન્ડેક્ષની નકલ (જો રજીસ્ટર્ડ દસ્તાવેજ ના હોય અને તેના બદલે કાચો દસ્તાવેજો અથવા કબ્જા રસીદ હોય તેવા કેસમાં મૂળ માલીકની સંમતિ લેવી.).. અથવા

કો.આ.હા.સો.ના કેસમાં કો.આ.હા.સો.ના લેટર પેડ ઉપર ઠરાવની નકલ તથા મકાન ફાળવેલ પત્રનો દાખલો.

અથવા

ગ્રામ પંચાયત / નગર પંચાયત / નગરપાલિકાનો વીજ જોડાણવાળી જગ્યા માટેનું આકારણી પત્રક

૪. વીજજોડાણ વાળી જગ્યાની માલિકીમાં અન્ય હક્કદાર હોય તો અન્ય હક્કદારોનું પ્રવર્તમાન ડ્યુટીના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ પત્રક.

૫. જરૂરી સિક્યુરીટી ડીપોઝીટની રકમ વસુલ લેવાની રહેશે તેમજ હયાત સિક્યુરીટી ડીપોઝીટની રકમ ટ્રાન્સફર કરવા માટે ડીપોઝીટ ભરેલ અસલ પાવતી અને જો પાવતી ન હોય તો જરૂરી રકમનો ઈન્ડેમ્નીટી બોન્ડ(જરૂરી રકમનો એક જ સ્ટેમ્પપેપર પર) સાથે હયાત ગ્રાહકની સંમતી મેળવવાની રહેશે.

૬. એન.આર.જી.પી. ૬ KW થી વધારે ક્ષમતાવાળા ગ્રાહકો પાસે જરૂરી કરાર (એગ્રીમેન્ટ) કરવાનો રહેશે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.3 મુજબની વિગતે ફરિયાદી અરજદાર દ્વારા નામબદલીની અરજી સાથે જોડેલ દસ્તાવેજી પુરાવા ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબ સદર વીજજોડાણની મૂળ કેસ ફાઈલમાં નોંધાયેલ જગ્યાના આધાર-પુરાવા સાથે સુસંગત નથી. આ સંજોગોમાં રજૂઆત ફોરમ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨.૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧